


# રેવડીનો લાડવો

**ચડસાચડસી કરનારાની જાય મૂંડાઈ મૂંછજી,**
**આડુંઅવળું જે કૂદે તે વાનરની તો કપાય પૂંછજી.**

ગામમાં ભવાઈની મંડળી આવી. રાતે ભવાઈનો ખેલ થયો. દલાશેઠ ભવાઈ જોવા આવ્યા. મોજથી બેઠા. સામે બેઠા ફુસકી મિયાં અને તભા ભટ.


ભવાઈના ખેલમાં ડાગલાનો વેશ મઝાનો આવે. ડાગલો એટલે રંગલો. બધાને હસાવે. એવી એવી વાત કહે કે બધા હસે. ડાગલાનો વેશ દલાશેઠને ઘણો ગમ્યો. પહેલી જ વાર ગજવામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી. કોઈ જાણે નહીં એમ ડાગલાના હાથમાં આપી દીધી. ડાગલો ઘણો રાજી થયો. દલાશેઠની વાહવાહ બોલાવવા જતો હતો કે દલાશેઠે ધીમેથી કહ્યું : "ચૂપ રહેજો."



ડાગલો કહે : "કાં? પાંચ રૂપિયા તમે અમને આપ્યા છે તો અમે તમારા નામની જે બોલાવીએ."

દલાશેઠ કહે : "ના, જે-બે નથી બોલાવવી, પણ એક કામ કરો. સામે પેલા ફુસકી મિયાં બેઠા છે તેમની ખરેખરી મશ્કરી કરો."

ડાગલો કહે : "કરીએ."



દલાશેઠ કહે : "પાજીને ખરેખરો બનાવો. મઝા આવી જાય તો બીજા પાંચ રૂપિયા આપું."

ડાગલો કહે : "શેઠજી, એ કામ મારું. જોઈ લેજો મઝા. એવો બનાવું કે તેની રેવડી થઈ જાય."

દલાશેઠ કહે : "તો કરો કામ."

ડાગલાએ તો કૂદકો માર્યો.

ફુસકી મિયાં સામે એકીટશે જોઈ રહ્યો. માથું હલાવતો ગયો અને બોલ્યો : "એ ભાઈ નાયકો!"

ભવાઈ કરનારા બધા નાયક કહેવાય.

ઢોલ વગાડનાર નાયકે ઢોલક પર તાલ દીધો અને બોલ્યો : "હો ભાઈ ડાગલા..."


ડાગલો બોલ્યો : "કોઈની બકરી અહીં આવી હતી?"

ઢોલકવાળો કહે : "ના ભાઈ ના."

ડાગલો બોલ્યો : "ના કેમ? હા કહો."

ઢોલકવાળો કહે : "ડાગલાજી, અહીં શું ચરવાનું હોય કે બકરી ચરવા આવે?"

ડાગલાએ ફેરફુદરડી ફરીને કૂદકો માર્યો. ફુસકી મિયાંની દાઢી પર હાથ મૂક્યો અને બોલ્યો : "ઓ જૂઠા ઢોલકવાળા! તું કયા મૂરખા નાયકનો દીકરો છે? બકરી અહીં નક્કી આવેલી અને આ મિયાંની દાઢી



ચરી ગઈ. જો, જો, જો, બે-ચાર વાળ જ બાકી રહેવા દીધા છે. કમબખ્ત બકરી...”

આમ બોલીને ડાગલાએ ફુસકી મિયાંની દાઢી પંપાળી. ફુસકી મિયાં ખરેખરા ચિડાયા, પણ જોનારા બધા ખડખડાટ હસી પડ્યા. એમાં દલાશેઠ તો તાળી પર તાળી પાડીને હસ્યા.

ફુસકી મિયાંએ દલાશેઠ સામે જોયું. એટલે તો ખી ખી ખી, ખીહીહીહીહી કરતા ફરી હસ્યા. ફુસકી મિયાંને રીસ ચડી ગઈ અને દાંત કટકટાવ્યા.

તભા ભટ બોલ્યા : “ચિડાશો નહીં. આ તો ભવાઈનો ખેલ છે. ડાગલો તો બધાની મશ્કરી કરે. એમાં ચિડાઈએ નહીં.”

ફુસકી મિયાં બોલ્યા : “ના ચિડાઈએ? શું અમારી દાઢી બકરી ચરી ગઈ છે?”


ડાગલો બોલી ઊઠ્યો : “ઓ ભાઈ નાયકો!”

ઢોલકવાળો કહે : “હા હા હા, ભાઈ ડાગલાજી! શું છે તે આટલી બધી બૂમો પાડો છો?”

ડાગલો બોલો : “હરામનું ખાય તેને બમણી કમાણી અને સચ્ચાઈથી કમાય તેને માથે જૂતાં.”

ઢોલકવાળો બોલ્યો : “તો તમે શાની કમાણી કરી?”

ડાગલો કહે : “અમે નથી કરી. આ મિયાંસાહેબે કરી હશે. એથી ઊલટી કમાણી કદાચ અમે કરી હશે. ઊલટી એટલે અવળી.”



ઢોલકવાળો કહે : “અવળી કમાણી કેમ?”

ડાગલો કહે : “એ મિયાંસાહેબ પોતે કહેશે.”

ઢોલકવાળો કહે : “મિયાંસાહેબ નહીં કહે તો તમારે કહેવી પડશે. મિયાંસાહેબ બોલતા નથી. તેમણે સચ્ચાઈથી કમાણી કરી હશે તો?”


ડાગલો કહે : “તો અમે જૂઠી અને હરામની કમાણી કરી હશે.”

ઢોલકવાળો બોલ્યો : “અને મિયાંસાહેબે હરામની કમાણી કરી હશે તો? હરામની એટલે મફતની.”

ડાગલો કહે : “તો અમે સચ્ચાઈથી કમાણી કરી હશે.”

ઢોલકવાળો કહે : “તો મિયાંસાહેબે કેવી કમાણી કરી હશે એ હવે કહો.”

ડાગલો બે-ચાર ફેરા ફરીને કૂદકા મારતો ફુસકી મિયાં સામે ખડો થઈ ગયો. ફુસકી મિયાંને એવી રીસ ચડી કે અવળું જોઈ ગયા.



ડાગલો હસીને બોલ્યો : “ઓ ભાઈ નાયકો!”

ઢોલવાળો તાલ દઈને બોલ્યો : “બોલો ડાગલાજી!”

ડાગલો કહે : “અવળું કોણ જુએ?”

ઢોલકવાળો કહે : “જેણે ખોટું કામ કર્યું હોય તે.”

ડાગલો કહે : “મોઢું કોણ સંતાડે?”

ઢોલકવાળો કહે : “તમે જ કહો.”

ડાગલો કહે : “જેણે હરામની કમાણી કરી હોય તે મોઢું સંતાડે. જુઓ મિયાંજી સામે!”

આમ કહીને ડાગલો નીચો નમી ગયો. મોઢું મચકોડતો ફુસકી મિયાં સામે જોવા માંડ્યો. ફુસકી મિયાં વધારે મોઢું ફેરવી ગયા. એટલે તો લોકો હસી પડ્યા અને દલાશેઠના આનંદનો પાર રહ્યો નહીં. તાલીઓ પર તાલી પાડવા માંડ્યા.

ફુસકી મિયાંને ખરેખરી રીસ ચડી ગઈ. ઝટ દઈને ઊભા થઈ ગયા. છણકો કરતા ચિડાઈને ઊભા એટલે તો દલાશેઠે તાળીઓ વગાડી.


ડાગલો બોલી ઊઠ્યો : “ઓ ભાઈ નાયકો!”

ઢોલકવાળો કહે : “કહો ડાગલાજી!”

ડાગલો કહે : “ચિડાય કોણ?”

ઢોલકવાળો કહે : “તમે જ કહો.”

ડાગલો કહે : “નમાલા હોય તે ડાયરામાં ચિડાય. ગજવામાં પાઈ-પૈસો ના હોય તે ભવાઈ જોઈને ચિડાય. જેની દાઢી બકરી ચરી ગઈ હોય તે છણકો કરીને ચિડાય. ચિડાય તો ઠીક પણ પાછા ઊભા થઈ જાય.”



આહાહાહા! મઝા આવી ગઈ. દલાશેઠ પલાંઠી વાળીને બેઠેલા, પણ ગોઠણ ઊંચા કરીને કરીને હસ્યા. ફુસકી મિયાં બમણા ચિડાયા અને ચાર ગણા વેગથી હોઠ દબાવીને આંખના ડોળા ચમકાવતા ઘરે જવા ચાલતા થયા. ઢોલકવાળાએ બમણા જોરથી ઢોલક વગાડી દીધું. દલાશેઠને ઘણો આનંદ થયો. તભા ભટનેય મનમાં રીસ ચડી. વહેલા વહેલા ઊઠ્યા અને ફુસકી મિયાં પાછળ ઘરે ગયા.

ફુસકી મિયાંને શિખામણ આપી : “રહ્યા ને એવા ને એવા? અમે સમજાવ્યા હતા કે આ તો ભવાઈ છે. ડાગલો મશ્કરી કરે. એમાં ચિડાવાનું હોય નહીં.”

મિયાં ફુસકી બોલ્યા : “ભલે ને ડાગલો મશ્કરીઓ કરતો, પણ પેલો દલાશેઠનો બચ્ચો ગોઠણ ઊંચા કરી કરીને શીદ હસતો હતો?”

ભટજી બોલ્યા : “એ તમારી બેવકૂફી ઉપર.”

મિયાં બોલ્યા : “તો હવે અમે બેવકૂફીની બરફી બનાવી દઈશું. તે અમને હસ્યા છે તો અમે તેમને હસીશું.”

ભટજી કહે : “તે તો તરગાળા છે, ભવાઈના વેશ કરે છે. તમે શું કરશો?”

મિયાં બોલ્યા : “અમેય ભવાઈના વેશ કરીશું. હા, અમે સિપાઈબચ્ચા! જરાય નથી કચ્ચા.”

ભટજી કહે : “તમે ભવાયા છો?”

મિયાં ફુસકી તાનમાં આવી ગયા અને બોલ્યા : “હા, હા, હવે અમે છીએ...”


ભટજી બોલ્યા : “સિપાઈબચ્ચા, તમે હવે ચૂપ રહેજો. મસીદને માથે ઓટલો ના કરશો અને મૂરખાઈને માથે શિંગડાં ના ઉગાડશો. હવે ઊંઘો. અમે જઈએ છીએ.”

હજી રાત બાકી હતી. ભટજી ગયા ઘરે અને ઊંઘી ગયા.

સવાર થયું. આખી રાત ભવાઈ જોઈ હતી એટલે લોકો મોડા મોડા જાગ્યા. કામકાજ બંધ રાખ્યાં. જીવણ મેરાઈ, કેશુ ઠક્કર, જેઠાભા કેસરિયા, મેઘો વીરડો, રાણો વાળંદ, જાદવજી ગોર અને એમાં દલાશેઠ એ બધા ગામના ચોરા પર મોજથી બેઠા હતા. તભા ભટ પણ ત્યાં થઈને નીકળ્યા કે દલાશેઠે બેસાડી દીધા. વાતોના તડાકા ચાલવા માંડ્યા. થોડી વાર થઈ કે ફુસકી મિયાં નીકળ્યા. રાણો વાળંદ મજાકિયો છે. જરા મઝા આવશે એમ સમજીને ફુસકી મિયાંને બોલાવ્યા. ફુસકી મિયાં આવ્યા. દલાશેઠને જોયા કે ચાલવા માંડ્યા. જેઠાભાએ સમ દઈને પાછા બોલાવ્યા અને બેસાડ્યા.

રાણો બોલ્યો : “માળા તરગાળા ભારે ખેલાડી. રાતે ખરેખરા વેશ બનાવ્યા.”

દલાશેઠ બોલ્યા : “એમાંય ડાગલાનો વેશ તો ખરેખરો.”



મિયાં ફુસકી બોલી ઊઠ્યા : "રાખ ને ધૂળ! એવા ડાગલા હોતા હશે?"

દલાશેઠ બોલ્યા : "તો કેવા હોય?"

મિયાં ફુસકી બોલ્યા : "હોય જોવા જેવા."

દલાશેઠ કહે : "આ ડાગલા જેવો વેશ કોઈ કરી શકે નહીં અને ઝંડા ઝૂલણનો વેશ તો ખરેખરો."

મિયાં ફુસકી કહે : "એવા ઝંડા તો રખડતા ફરે છે."

દલાશેઠ બોલ્યા : "આજ રાતે ફરીને ભવાઈ થવાની છે. એમાં મિયાં અને મોચીનો ખેલ જોવા જેવો થશે."

આ વાત સાંભળી કે ફુસકી મિયાં ચૂપ થઈ ગયા. ઝટ દઈને ઊભા થયા. ઝટ ઝટ તરગાળાના ઉતારે ગયા. ડાયો નાયક ડાગલો બનેલો. તેને મળ્યા.

ડાયો નાયક બોલ્યો : "માફ કરજો હો મિયાંસાહેબ! ખેલમાં અમે મશ્કરી પણ કરીએ!"

મિયાં ફુસકી બોલ્યા : "એની કંઈ ચિંતા નહીં. આજ રાતે તમે મિયાં અને મોચીનો વેશ કરવાના છો?"


ડાયો નાયક કહે : "હા, દલાશેઠે ખાસ કહ્યું છે. સો રૂપિયા આપવાના કહ્યા છે."

ફુસકી મિયાં કહે : "હું સોના દોઢસો આપીશ. તમે વાણિયાનો ખેલ કરો."

ડાયો નાયક રાજી થઈ ગયો.

દલાશેઠ મનોમન રાજી રાજી થઈ ગયા હતા. મલકાતા-હરખાતા ઘરે ગયા. જમવા બેઠા તો મનોમન હસતા રહ્યા.

શેઠાણી કહે : "શું છે તે હસો છો? કોઈ મૂરખો ઘરાક મળી ગયો છે? બમણા પૈસા મળ્યા કે ચાર ગણા?"



દલાશેઠ બોલ્યા : "બમણા અને ચાર ગણા મળે એમાં હસે કોણ? એ તો સદાય મળ્યા છે, પણ આજ તો લાખ લાખ ગણા મળ્યા છે."

શેઠાણી કહે : "એ વળી કેવો લાભ? એવો મૂરખો ઘરાક કોણ મળ્યો?"

દલાશેઠ બોલ્યા : "મૂરખાનોય મૂરખો પેલો ફુસકિયો..."

શેઠાણીને રીસ ચડી ગઈ અને બોલ્યાં : "ના લેશો નામ એ પાજીનું."

દલાશેઠ મૂછ મરડીને બોલ્યા : "એ ફુસકીબચ્ચાને અમે મૂરખાનો બચ્ચો બનાવી દીધો."

શેઠાણી કહે : "મૂરખા તો બની ગયા તમે. હજાર વાર ના કહી છે કે એ ફુસકિયાની સાથે વાદ ના કરશો. સેંકડો વાર વાદ કર્યા અને હજાર વાર હાર્યા છો."

દલાશેઠ હસ્યા અને બોલ્યા : "લાખ વાર ભલે હાર્યા, પણ આ વેળા તો અમારો જયકારો ગાજશે. એ ફુસકીબચ્ચાની રેવડી થઈ જશે."


શેઠાણી કહે : "એ ફુસકિયો બડો શાણો છે. કાંકરી આપીને પાણો લઈ જાય એવો છે. તમે તેની રેવડી કરવા જશો તો તે તમારો લાડવો કરી નાખશે, માટે રહેવા દો."

દલાશેઠ બોલ્યા : "તું જોજે તો ખરી. આ વેળા આપણે જીતવાના છીએ."

ત્યાં બારણે બૂમ પડી : "ઉઘાડો કમાડ, ઓ શેઠ સાહે....બ!"

દલાશેઠે ઝટ ઝટ હાથ ધોઈ લીધા. ઝડપથી દલાશેઠ ગયા. બારણું ઉઘાડ્યું. ડાયો નાયક દેખાયા.

દલાશેઠે હસી હસીને આવકાર દીધો. હોંશથી પરસાળમાં લઈ ગયા અને માનથી હીંચકા પર બેસાડ્યા.



ડાયો નાયક બોલ્યા : "પેલા ફુસકી મિયાં એકસો પચાસ આપી ગયા છે. કહે કે વાણિયાનો વેશ કાઢજો. અમે ભવાઈ કરનારા છીએ. વધારે પૈસા મળે એવા વેશ ભજવીએ."

દલાશેઠ બોલી ઊઠ્યા : "તો અમે બસો રૂપિયા આપીશું. આજે રાતે મિયાંનો જ ખેલ કરો."


ત્યાં શેઠાણી બારણાંમાં આવી ગયાં અને બોલી ઊઠ્યાં : "એ અમારે કોઈના વેશ નથી કરવા. ભલે એ ફુસકિયો વેશ કઢાવતો. અમારે એવા વાદ નથી કરવા."

દલાશેઠ બોલ્યા : "તમે ના બોલશો શેઠાણી! અમે વાદ કરીશું. જાઓ ડાયા નાયક, તમતમારે મિયાંનો વેશ બનાવો. અમારા બસો રૂપિયા."

ડાયો નાયક કહે : "પણ ફુસકી મિયાં રોકડા પચાસ રૂપિયા આપી ગયા છે."

દલાશેઠ ઝટ દઈને ઊભા થયા. પેટીમાંથી પચાસ રૂપિયાની નોટ લઈ આવ્યા. ડાયા નાયકના હાથમાં આપી અને બોલ્યા : "તો લો, અમેય રોકડા આપીએ છીએ."

ડાયો નાયક રાજી થઈ ગયો. રૂપિયા લીધા અને બોલ્યા : "વાહ દલાશેઠ વાહ! એવો ખેલ કરું કે મિયાંની રેવડી થઈ જાય."



ડાયો નાયક ગયા.

પહોંચ્યા ફુસકી મિયાં પાસે.

વાત કહી કે દલાશેઠે પચાસ રૂપિયા આપ્યા.


ફુસકી મિયાં બોલ્યા : "તો નાયક, જાઓ પાછા અને દલાશેઠને કહો કે ફુસકી મિયાં સો રૂપિયા આપે છે. અમે વાણિયાનો વેશ કરીશું. જુઓ ડાયા નાયક! અમે એકેય રૂપિયો આપીશું નહીં. અમે તો રૂપિયાની વાત જ કહીશું. ચડસાઈ કરીને રૂપિયા દલાશેઠ આપશે. રૂપિયા દલાશેઠ પાસેથી લેવાના. તો રૂપિયા કમાશો."

ડાયા નાયકે વિચાર કર્યો કે ના કહીશું તો કશું નહીં મળે. ચડસાચડસીમાં દલાશેઠ રૂપિયા આપશે. ખોટી ચડસાચડસી અને બડાઈ કરવામાં દલાશેઠ કહીશું તે આપશે. ડાયા નાયક દલાશેઠ પાસે ગયા. માથું નીચું કરીને ગરદન ખંજવાળવા માંડ્યા.

દલાશેઠ બોલ્યા : "કાં હવે શું છે?"

ડાયો નાયક કહે : "ફુસકી મિયાંએ સો રૂપિયા આપી દીધા અને કહે કે ખેલ તો વાણિયાનો જ કરો."

દલાશેઠ હોઠ પીસીને બોલ્યા : "એમ! એ ફુસકિયો અમારો વાદ કરે છે! તો લો અમે પૂરા બસો રૂપિયા આપીશું."



નાયક રાજી થઈ ગયા. પણ પાછો લોભ જાગ્યો. એમનું મોઢું પાછું વિલાઈ ગયું.

દલાશેઠ મોઢું વકાસીને બોલ્યા : "કાં? હવે શું છે?"

ડાયો નાયક બોલ્યો : "શેઠજી! ક્ષમા કરજો. ફુસકી મિયાં બસો રૂપિયા આપે તો?"

દલાશેઠ રીસથી બોલ્યા : "એમ! તો અમે ત્રણસો આપીશું, પણ કસમ ખાઈને જાઓ કે હવે તો તમે મિયાંનો

જ વેશ કરશો. સોગન ખાઓ તો જ ત્રણસો રૂપિયા આપું. પછી ફુસકિયો ત્રણસો રૂપિયા આપે તોય તમારે વાણિયાનો ખેલ ના કરવો."

ડાયો નાયક વિચારે છે કે ના કહીશ તો ત્રણસો રૂપિયા જશે. ફુસકી મિયાં તો કશું આપવાના નથી. માટે સોગન ખાઈ લઈએ.

ડાયો નાયક બોલ્યા : "ભલે શેઠ, આપો રૂપિયા. અમે મિયાંનો વેશ કાઢીશું."

શેઠાણી ધમપછાડા કરવા માંડ્યાં, પણ દલાશેઠ માન્યા નહીં. ત્રણસો રૂપિયા આપી દીધા.

શેઠાણી બોલ્યાં : "આવા તાયફા શીદ કરો છો? રૂપિયાના રૂપિયા જશે અને ફુસકિયો તમને મૂરખ બનાવશે."

દલાશેઠ કહે : "બને એ બીજા. જો જો તો ખરાં. મિયાંના વેશમાં આવશે અને આખું ગામ હસશે. ત્યારે એ ફુસકિયો ઊપસ્યા વિનાની પૂરી જેવો ઠીઠરાઈ જશે."

શેઠાણી કહે : "તમારા ગ્રહ વાંકા બેઠા છે."


દલાશેઠ મોજથી પાન ચાવવા માંડ્યા.

ડાયો નાયક પહોંચ્યા ફુસકી મિયાં પાસે. બધી વાત કરી.

ફુસકી મિયાં કહે : "કંઈ વાંધો નહીં. તમતમારે મિયાંનો વેશ બનાવો. પણ એક કામ કરો તો મઝા થાય."

ફુસકી મિયાંએ ડાયા નાયકને બધી વાત સમજાવી. ડાયો નાયક તૈયાર થઈ ગયા. પાછા દલાશેઠ પાસે ગયા.

દલાશેઠ કહે : "કાં? હવે શું છે?"



ડાયો નાયક કહે : "શેઠજી! બધું તૈયાર છે, પણ એક મોટી ઉપાધિ છે."

દલાશેઠ કહે : "શું?"

ડાયો નાયક કહે : "બીબીનો વેશ અમે બનાવીશું.

ડાગલાના વેશમાં મુખી અને પટેલ આવે છે. તે પણ અમે બનીશું, પણ મિયાં ફુસકી બનવાની અમારા બધા નાયક ના કહે છે."

દલાશેઠ કહે : "કાં?"

ડાયો નાયક કહે : "મિયાંનો વેશ કરવાની વાત મિયાં ફુસકીએ સાંભળી કે તરત તેમણે કહ્યું કે કોઈ અમારો વેશ બનાવશે તો અમે તેનું માથું કાપી લઈશું."

દલાશેઠ હસ્યા અને બોલ્યા : "મારા ભઈ, એ બધી પોકળ ધમકી. એ ફુસકિયો તો મિયાંની મીંદડી છે. ઉઘાડી તલવાર જોઈને ડરી મરે એવો છે. ડરપોકનો અવતાર છે. તેનાથી જરાય ડરશો નહીં. તે કશું કરી શકે એમ નથી. એ બધી ખોટી ધમકી છે."


ડાયો નાયક કહે : "પણ અમારા બધા નાયક ડરી ગયા છે. કહે કે બધા વેશ કરીએ પણ મિયાં ફુસકીનો વેશ ન પહેરીએ. કોઈ મિયાં ફુસકી બને તો અમે ખરેખરો ખેલ કરીએ. મિયાંના નામની એવી રેવડી કરીએ કે બસ."

દલાશેઠ બોલ્યા : "મિયાંનો વેશ બનાવે એવું બીજું કોઈ નથી?"

ડાયો નાયક કહે : "શેઠજી! મારી એક વાત માનશો? તમે જરા ફુસકી મિયાંનાં કપડાં પહેરી લો તો?"

"હેં!" બોલીને દલાશેઠ ચમક્યા.

ડાયો નાયક કહે : "શેઠજી! વાત નકામી નથી. જરાક મૂછો મૂંડાવવી પડશે અને મોઢે જરા દાઢી લગાડી દઈશું એટલે તમે અસલ મિયાં ફુસકી દેખાશો.



વળી આ વાત કોઈ જાણશે નહીં કે દલાશેઠ મિયાં બન્યા હશે. એવો વેશ બનાવી દઈશું."

દલાશેઠ બોલ્યા : "પણ અમને કશું બોલતાં ના આવડે."

ડાયો નાયક કહે : "શેઠજી, એ તો બધું અમે ગોઠવી દઈશું."

દલાશેઠ વિચારમાં પડ્યા.

ડાયો નાયક કહે : "શેઠજી! એમાં વિચાર કરવાનો નથી. તમારે કશું બોલવાનું જ નહીં. ખેલમાં અમે મિયાંની ખરી મશ્કરી કરીશું. તમારે ચિડાવું અને છણકા કરવા. બસ, એ વિના મિયાંનો વેશ બનશે નહીં. બીજું કંઈ કરવાનું નથી."

દલાશેઠે વિચાર કર્યો કે તો તો આપણું નાક કપાય. જરા મૂછ ભલે મૂંડાવવી પડે. મિયાંનો વેશ પહેરીશું અને મૂંગા રહીશું. એ તો આપણને આવડે. એ વાત કોઈ જાણશે નહીં. મિયાંની ફજેતી થશે. એમાં જરા ચિડાવાનું છે.

ધીરેથી ડાયા નાયકના કાનમાં કહ્યું : "જાઓ, અમે મિયાંનો વેશ પહેરીશું, પણ શેઠાણી સાંભળે નહીં. ચૂપચાપ જાઓ. તમારા વાળંદને બોલાવી લાવો."



ડાયો નાયક ચૂપ થઈ ગયા. ફુસકી મિયાંના નામની રેવડી થાય અને લોકો હસે એટલે બસ. દલાશેઠ રાજી રાજી થઈ ગયા.

આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે આજ રાતે મિયાંનો વેશ બનશે.

રાત પડી કે આખું ગામ એકઠું થયું. તરગાળા માંડ્યા ઢોલક અને ભૂંગળ બજાવવા. દલાશેઠ છાનામાના તરગાળાના રહેઠાણે પહોંચી ગયા.

મિયાં ફુસકી અને તભા ભટ આસન જમાવીને ખેલ જોવા બેઠા.

તરગાળાના રહેઠાણે કોઈને જવા દે નહીં. વેશ બનાવે એ કોઈને જોવા દે નહીં. ત્યાં દલાશેઠને કોઈએ જોયા નહીં.

ભૂંગળ વાગી. તાથા તાથા, તા થૈ ભલા એવો બોલ ગાજી ઊઠયો.

પહેલો આવ્યો ડાગલો. ડાયો નાયક ડાગલો બન્યા હતા. મોટા મોટા કૂદકા માર્યા અને ગીત ગાયું :

*ડાગલો આવ્યો રે હો ડાગલો.*
*ડાગલાને માથે બે શિંગડાં.*
*શિંગડાંની ટોચે બે કાગડા.*
*કાગડો ઉડાડતો આવ્યો રે હો ડાગલો.*
*ધીનક ધા ધા, ધીનક ધા ધા.*

*માંડ્યો તાલ જામવા અને માંડ્યાં ગીત ગાવા.*

*આવે આવે મિયાંના વેશ આવે.*
*દાઢી રૂપાળી ફગફગાવે, મિયાંના વેશ આવે.*

ત્યાં તો દલાશેઠ ચોગાનમાં આવ્યા. ફુસકી મિયાંનો વેશ પહેર્યો છે. જાણે કે અસલ ફુસકી મિયાં આવ્યા. લોકો તાળી પાડીને હસ્યા. દલાશેઠને મનોમન ઘણો આનંદ થયો કે ફુસકી મિયાંના નામની રેવડી થઈ. ફુસકી મિયાં સામે જોયું તો તે પણ હસે છે.

દલાશેઠ મનમાં બળી ઊઠ્યા કે ફુસકી મિયાં ચિડાતા કેમ નથી?


ડાયા નાયકે એક કૂદકો માર્યો અને બોલ્યા : "ઓ હો, ભાઈ નાયકો!"

ડાગલો કહે : "આ કોના વેશ આવ્યા?"

ઢોલવાળો કહે : "વેશ તો મઝાનો છે, પણ કોઈ મિયાંસા'બ જેવા લાગે છે."

ડાગલો કહે : "તેમની દાઢી ઓળખી?"

ઢોલવાળો કહે : "દાઢી તો બધાને હોય. એમાં ઓળખવાનું શું?"



ડાગલો કહે : "આ દાઢી અક્કલની ભેંસવાળી દાઢી છે."

ઢોલવાળો કહે : "અક્કલની ભેંસવાળી દાઢી શી રીતે? ભેંસને દાઢી હોય નહીં. દાઢી હોય બકરાને."

ડાગલો કહે : "તો એક વાત સાંભળો. એક હતી ભેંસ. એનું નામ અક્કલની ભેંસ હતું. એક સમયની વાત છે કે અક્કલની ભેંસ ચરવા નીકળી. મારગમાં એક મિયાંજી સૂતેલા. તેની દાઢી ઊંચી ઊંચી ફરકતી હતી. અક્કલની ભેંસ સમજી કે લીલા જુવારા ઊગ્યા છે, લાવને ચરી જાઉં. એમ સમજીને અક્કલની ભેંસ મિયાંજીની દાઢી ચાવવા માંડી. પણ મિયાંજીની દાઢીના વાળ ચવાય નહીં. અક્કલની ભેંસને ચડી રીસ. દાઢી દાંતમાં દબાવીને માર્યો ઝટકો. દાઢીના વાળ ઊખડી ગયા. ચીસ પાડીને મિયાંજી નાઠા. એ દિવસથી આ મિયાંજીને મોઢે બે-ચાર તણખલાંની દાઢી બાકી રહી ગઈ."

ઢોલવાળો બોલ્યો : "તો એમ કહો ને કે અક્કલની ભેંસ મિયાંજીની દાઢી ચરી ગઈ!"

ડાગલો કહે : "એ દાઢીવાળા કોણ?"



ઢોલવાળો કહે : "અમે નથી જાણતા."

ડાગલો કહે : "એ મિયાં ફુસકી."

ઢોલવાળો કહે : "ફુસકી વળી કેવી?"

મિયાં ફુસકી બનેલા દલાશેઠ ચિડાયા. છણકો કરીને કૂદકો માર્યો.

બધા લોકો હસી પડ્યા. મિયાં ફુસકી સામે દલાશેઠે જોયું તો તે પણ હસે છે. મનમાં દલાશેઠ બળી ઊઠ્યા કે આ ફુસકિયો ચિડાતો કેમ નથી?

ડાગલો બોલ્યો : "ફુસકી નામ કેમ પડ્યું એ તમે જાણો છો?"